| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૬/૦૨/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૩૨૩ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ સમાચાર યાદી નં.૩૫૬/૨૦૨૩

**નરોડાઃ** વિનોદભાઇ કરશનભાઇ પંચાલ (ઉ.વ.૪૯) (રહે. વલ્લભકુંજ સોસાયટી, દેવી સિનેમા સામે નરોડા) એ તા.૨૫/૦૨/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૩ થી સને-૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન વિનોદભાઈ પંચાલની નરોડા સી.એમ.14, જી.આઈ.ડી.સી, ન્યુ ટેલીફોન એક્ષચેન્જ પાસે, નરોડા જી.આઇ.ડી.સી. નરોડા ખાતે મેસર્સ ઝેન એર.ટેક.પ્રા.લી.નામની કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા મનહરદાસ કાલુદાન (રહે. અક્ષર રેસીડેન્સી વિધ્યાસરીતા સ્કુલ નજીક બીબી મરિયમ રોડ રૂપાવલી સામે વટવા) એ વિનોદભાઈ પંચાલની કંપનીના ગ્રાહક પાસેથી રૂપિયા ૪,૪૮,૪૦૦/- રસીદ બનાવી કંપનીના નામે નાણા મેળવી લઈ તેમજ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ભારતી ટ્રેડર્સ બોકારો ઝારખંડમાંથી પોતાના ભાઇના ખાતામાં મંગાવી મેળવી લઈ જે નાણા કંપનીમાં જમા નહી કરાવી તેમજ કંપનીના કામે પ્રવાસના નામે વાઉચર બનાવી રૂપિયા ૧૨,૮૧૦/- કંપનીમાંથી મેળવી લઈ કંપનીના કોમ્પ્યુટરમાંથી જી.મેઈલ આઈ.ડી તેમજ વોટ્સએપ ડેટા તેમજ કંપનીના ડેટા મેળવી લઈ કોમ્પ્યુટરમાંથી તમામ ડિલીટ કરી જે ડેટા મારફતે કંપનીના નામે વેપાર ધંધો કરતા હોય તેમજ કંપનીમાંથી રસીદ બનાવી જે રસીદ આધારે બીજી કંપનીમાંથી રૂપિયા ૫,૪૮,૪૦૦/- તથા પ્રવાસના રૂપિયા ૧૨,૮૧૦/- મળી કુલ રૂપિયા ૫,૬૧,૨૧૦/- ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડઃ** **સમાચાર યાદી નં.૩૫૭/૨૦૨૩**

**ખોખરાઃ** જીતેન્દ્રભાઇ ઉમાકાન્ત પટેલ (રહે. મંગલધામ ફલેટ જૈનપાર્ક વિભાગ-૨ મણીનગર) એ તા.૨૫/૦૨/૨૦૨૩ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૨/૨૦૨૩ કલાક ૮/૦૦ થી ૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ખોખરા મનોહરકુંજ સોસાયટી પટેલ ફાર્મ પ્લોટ નં.૩૫૨ ખાતેના પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૮૫,૦૦૦/- મોબાઇલ ફોન કિમત ૫૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વીડજા ચલાવે છે.

**લુંટઃ** **સમાચાર યાદી નં.૩૫૮/૨૦૨૩**

**વાસણાઃ** બળદેવભાઇ વાલાભાઇ ભરવાડ (ઉ.વ.૫૪) (રહે. રાધાકૃષ્ણ મંદિર સામે ભરવાડવાસ ગુપ્તાનગર વાસણા) તા.૨૫/૦૨/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે વાસણા એ.પી.એમ.સી. માર્કેટ સેલ પેટ્રોલપંપ નજીક અલ્ટીમેટ સ્ટીલ વાળાની દુકાન સામે ઉભા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષોએ બળદેવભાઇ ભરવાડને છરી બતાવી રોકડ રૂપિયા ૫૧,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બળદેવભાઇ ભરવાડ એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ** **સમાચાર યાદી નં.૩૫૯/૨૦૨૩**

**મણીનગરઃ** રાજેશભાઇ જશવંતલાલ પટેલ (ઉ.વ.૫૫) (રહે. મહેચ્છા સોસાયટી પ્રિન્સ હોટેલ સામે ઇસનપુર બસ સ્ટેન્ડ પાસે ઇસનપુર) તા.૨૨/૦૨/૨૦૨૩ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે મણીનગર સિદ્ધિવિનાયક સર્કલથી ઝિરાફ સર્કલ વચ્ચે રાજહંસ એપાર્ટમેન્ટ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાજેશભાઈ પટેલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૨,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાજેશભાઇ પટેલે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.જે.જી.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૩૬૦/૨૦૨૩**

**શાહીબાગઃ** કંકુબહેન વા/ઓ તુલસીભાઈ બેગડા (ઉ.વ.૭૦) (રહે. જનતા સોસાયટી મજુરગામ ગીતામંદિર કાગડાપીઠ) તા.૨૫/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે શાહીબાગ યુ.એન.મહેતા હોસ્પીટલ ખાતે સારવાર માટે ગયા હતા ત્યારે ઇક્કો રૂમ નંબર-૧૪ બહાર મળેલ એક પુરૂષે કંકુબહેન બેગડાને “ઇકો કરાવવા માટે સોનાના દાગીના કાઢવા પડશે” તેમ કહી સોનાની બંગડી નંગ-૨, સોનાની કડીઓ નંગ-૨ અને સોનાની વિંટી મળી કુલ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- નજર ચુકવી કઢાવી લઈ ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કંકુબહેન બેગડાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી એચ.જે.જીતીયા ચલાવે છે

**કૃષ્ણનગરઃ** વિજયકુમાર સુદર્શનભાઈ શર્મા (રહે. ઓમકાર ડુપ્લીકેટ/ટેનામેન્ટ સેન્ટમેરી સ્કુલ સામે નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૨/૨૦૨૩ રાતના ૨/૩૦ વાગ્યા પહેલા સૈજપુર કુબેરેશ્વર મહાદેવ મંદીર પાછળ સાઈનાથ એસ્ટેટ ખાતે આવેલ દુકાન નંબર-૩૨ "ન્યુ અજંતા ટ્રાન્સપોર્ટ" નામની ટ્રાન્સપોર્ટ આગળ પાર્ક કરેલ ટ્રાન્સપોર્ટની ટ્રકમાંથી ૧૯૪ નંગ લેડીસ જીન્સ પેન્ટ કિમત રૂપિયા ૫૫,૨૯૦/- પાર્સલ ચાર પુરૂષો ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૬૧/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** દિનેશભાઇ રાજાભાઇ રાણવા (ઉ.વ.૪૦) (રહે. પાંચ બંગલા નાળા રોડ ગીતામંદિર પાસે કાગડાપીઠ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૩ સાંજના ૬/૨૦ વાગ્યા પહેલા એલીસબ્રીજ પાસે રિવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભાગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

**નરોડાઃ** મહેશભાઈ રમેશભાઈ ઠાકોર (ઉ.વ.૨૦) (રહે. નરોડા નાના ચિલોડા ગામઠી હોટલની પાછળ ઉમા નર્સરી પાછળ આવેલ છાપરામાં) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૨/૨૦૨૩ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભલજીભાઈ સુખાભાઈ ચલાવે છે.

**બાપુનગરઃ** નવનીતભાઇ મધુભાઇ આગજા (ઉ.વ.૪૭) (રહે. અરવિંદ વિહાર સોસાયટી સમજુબા હોસ્પિટલ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે શક્તિકુંજ સોસાયટી સામે આવેલ દુકાન નંબર-૪ ખાતે દુકાનમાં લોખંડની એંગલ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડિ.ડિ.પ્રજાપતી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી